
ભગવાન શ્રી
કુંદકુંદાચાર્ય
વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂ. 25/-

December - 2025

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## આચાર્યશિરોમણિ ભગવાન
## શ્રી કુંદકુંદઆચાર્યદેવના આચાર્યપદવીદિન
## માગશર વદ આઠમના (૧૨-૧૨-૨૫) મંગલ અવસર પર
## તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન !!



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

હે ભવ્ય ! લોકમાં નમન કરવાયોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાયોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે. તેને ગમે તેમ કરીને પણ જાણ.

(શ્રી કુંદકુંદઆચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૩)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૩૬, વર્ષ–૨૭, ડિસેમ્બર–૨૦૨૫


## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
## શ્રી 'પરમાગમસાર' માંથી ચુંટેલા 'કહાનરત્ન કિરણો'

જયાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી–એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં. ૨૨૮.

*

આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઉડી જવી જોઈએ, એની ઘણી પાત્રતા જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૨૨૯.


*

સુખને જગત ઈચ્છે છે, પણ સુખના કારણને જાણતું નથી. દુઃખને લેશ માત્ર જગત જીવો ઈચ્છતાં નથી, પણ દુઃખના કારણમાં લીન છે. ૨૩૦.

*

દુર્ધર, દુષ્કર જો કાંઈ પણ હોય તો તે આત્માનો પુરુષાર્થ છે. બાકી બધું થોથે થોથા છે. ઉત્તમમાં ઉત્તમ પણ એ જ છે. ૨૩૧.

*



વિચારમાં ઉભો છે તેને ભક્તિ આદિનો રાગ આવ્યા વિના રહે જ નહીં. એવો જ સ્વભાવ છે. ભક્તિ આદિનો રાગ હોય છે છતાં હેય છે. ૨૩૨.

*

જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૩૩.

*

સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૩૪.

*

ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૨૩૫.

*

જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૨૩૬.

*

બીજા જીવને નિંદા કરવાનો ભાવ એ તો આસ્રવ છે અને કાગળમાં લખાણ આવે એ પણ પુદ્‌ગલની પર્યાય છે. એમાં સામો જીવ કયાંય આવતો નથી અને અહીં વિકલ્પ ઉઠે અસ્થિરતાનો એ ક્યાં આત્મા છે? ઈ તો આસ્રવ છે. આ રીતે જ્ઞાની, સામે ગમે તેવો વિરોધી જીવ હોય તોપણ એને પૂર્ણ આત્મા તરીકે જ જાુએ છે, આનું નામ વીતરાગી સમતા છે. આવા જ્ઞાન વિના સહજ સમતા થઈ શકે નહીં. ૨૩૭.

*

મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે. રાગ–દ્વેષ અને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. ૨૩૮.

*

જે વિચિક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે તે વિચિક્ષણતા શેની? ૨૩૯.

*

ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહીં. ૨૪૦.

*

શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે. ૨૪૧.

*

જેણે જીવન કાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગ કાળે ખેદ નહિ થાય. ૨૪૨.

*

દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દષ્ટિમાં) છોડ એની બલિહારી છે ..... આ તો શૂરવીરના ખેલ છે. ૨૪૩.

*

હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. ૨૪૪.

*

અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી. શુભભાવના ફળમાં

જેને ગલગલીયાં થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી. ૨૪૫.

*

બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઉલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. ૨૪૬.

*

એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૨૪૭.

*

ભાઈ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો? બહારમાં ઓછા–વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય. અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે. ૨૪૮.

*

રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. ૨૪૯.

*

પુણ્ય–પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડ્યા છે. ૨૫૦.

*

પર્યાયદૃષ્ટિવાળો જીવ દયા–દાન, પૂજા–ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અને પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દૃઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી. ૨૫૧.

*

પ્રશ્ન :– તત્ત્વનું શ્રવણ–મનન કરવાં છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ?

ઉત્તર :– ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન–શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૨૫૨.

*

ભગવાને ઉપદેશ આપ્યો પણ શાસનનું શું થયું કે કોને લાભ થયો તે જોવા ભગવાન રોકાતા નથી. તેમ સમ્યગ્દૃષ્ટિને પણ વિકલ્પ ઊઠ્યો ને વાણી નીકળી પણ કોને લાભ થયો. કેટલો લાભ થયો તે જોતા નથી. પોતાના આત્મામાં જોવે છે. ૨૫૩.

*

આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને

પુદ્‌ગલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે. જાણન શક્તિ ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. ૨૫૪.

*

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઇન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ-ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી, ઇન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી. શાસ્ત્ર સાંભળતાં ખ્યાલમાં આવે કે આમ કહે છે–એમ જે જાણવું થયું તે ઇન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી. ૨૫૫.

*

અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે, ઇન્દ્રિય જ્ઞાનમય નથી. ઇન્દ્રિયોથી શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા તે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ-ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તા અવલંબી જ્ઞાન છે. તે બંધનું કારણ છે. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે, ઇન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં. ૨૫૬.

*

ઇન્દ્રિયજ્ઞાનના જેને રસ ચઢ્યા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી. ૨૫૭.

*


સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે. બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે. ૨૫૮.

*

કેવી રીતે ભિન્ન ભિન્ન કરે છે?- કે સ્વપરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે. સ્વ-પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે. પણ પરને જાણીને જુદો રાખે છે. ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે. ૨૫૯.

*

પહેલાં નક્કી તો કરે કે આમ જ વસ્તુ પ્રાપ્ત થાય એમ છે. બાકી વ્રત-તપ-ભક્તિ-યાત્રાથી કે પૈસા ખર્ચવાથી વસ્તુ પ્રાપ્ત થાય એમ નથી. ત્રિકાળી ટકતી અસંખ્ય પ્રદેશી શુદ્ધ વસ્તુ સર્વ કાળે પ્રત્યક્ષ છે એમ પહેલાં નક્કી કરવું. વસ્તુનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે, સ્વરૂપ પરોક્ષ હોઈ શકે જ નહીં. ૨૬૦.



- પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી

## રાજહૃદય !!

પત્રાંક - ૩૯૪

મુંબઈ, શ્રાવણ વદ ૧૦, ૧૯૪૮

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત - ધન.

ઘર સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં થકાં પણ જેમ પતિવ્રતા (મહિલા શબ્દોનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભરતારને વિષે લીન છે, તેમ સમ્યક્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્તવું પડતાં છતાં, જ્ઞાનીસંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્તે છે.

સમસ્ત સંસારને વિષે સ્ત્રીપુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે, તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઈ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે, અને એમાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનો પતિ પ્રત્યેનો સ્નેહ તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાનપ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે? ત્યારે જેણે સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણ્યો છે કે બીજાં બધાં ઘરસંબંધી (અને બીજાં પણ) કામ કરતાં છતાં તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઈચ્છાપણે વર્તે છે, એટલા માટે.

પણ સિદ્ધાંતકાર કહે છે કે એ સ્નેહનું કારણ તો સંસારપ્રત્યયી છે, અને અત્ર તો તે અસંસારપ્રત્યયી કરવાને અર્થે કહેવું છે; માટે તે સ્નેહ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઈચ્છાપણે જ્યાં કરવા યોગ્ય છે, જ્યાં તે સ્નેહ અસંસાર પરિણામને પામે છે, તે કહીએ છીએ.

તે સ્નેહ તો પતિવ્રતારૂપ એવા મુમુક્ષુએ જ્ઞાની સંબંધી શ્રવણરૂપ જે ઉપદેશાદિ ધર્મ તેની પ્રત્યે તે જ પ્રકારે કરવા યોગ્ય છે; અને તે પ્રત્યે તે પ્રકારે જે જીવ વર્તે છે, ત્યારે 'કાંતા' એવા નામની સમકિત સંબંધી જે દૃષ્ટિ તેને વિષે તે જીવ સ્થિત છે, એમ જાણીએ છીએ.

એવા અર્થને વિષે પૂરિત એવાં એ બે પદ છે; તે પદ તો ભક્તિપ્રધાન છે, તથાપિ તે પ્રકારે ગૂઢ આશયે જીવનું નિદિધ્યાસન ન થાય તો ક્વચિત્ બીજું એવું પદ તે જ્ઞાનપ્રધાન જેવું ભાસે છે, અને તમને ભાસશે એમ જાણી તે બીજ પદનો તેવા પ્રકારનો ભાસ બાધ થવાને અર્થે ફરી પત્રની પૂર્ણતાએ માત્ર પ્રથમનું એક જ પદ લખી પ્રધાનપણે ભક્તિને જણાવી છે.

ભક્તિપ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે; એવો પ્રધાન આશય જ્ઞાની પુરુષોનો છે. (પત્રાંકનો શેષ ભાગ આવતા અંકે...)

# જુઓ! ભાવનાની તાકાત!!

(અનુભવ સંજીવની બોલ નં ૭૨૦ ઉપર પ્રવચન)

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



સ્વરૂપ પ્રાપ્તિની રૂડી ભાવના જ્ઞાનને નિર્મળ કરે છે. મતિ મલિનતાને ગાળે છે, વક્રતાને મટાડે છે. પરિણામે પરમાત્મા સધાય છે, તેવો વિવેક ઉપજે છે, ત્યારે દ્રવ્ય શ્રુતનું સમ્યક્ અવગાહન થાય છે. સર્વ શ્રુતનું કેન્દ્રસ્થાન સર્વોત્કૃષ્ટ એવું પરમપદ છે. તે નિજપદ છે. તેમાં અનંત ચૈતન્ય અમૃતરસ ભર્યો છે તેનાં સ્વસ્વાદરસરૂપ અનુભવને સ્વઆચરણ – સ્વરૂપ વિશ્રામ, સામ્યભાવરૂપ ધર્મ કહેલ છે. તે નિજ કલ્યાણથી તૃપ્તિ થાય છે, તે સુખરૂપ છે અને અનંત સુખનું મૂળ છે પછી રંચપણ દુઃખ રહેતું નથી. તે સર્વનું મૂળ ભાવના છે કોઈપણ જીવ કોઈપણ કાળે તે ભાવનામાં આવી શકે છે. ભાવનાનું મહત્વ સમજાય તો સ્વ-પરની ભાવના વિરુદ્ધતા ન થાય. (૭૨૦)

'*સ્વરૂપપ્રાપ્તિની રૂડી ભાવના જ્ઞાનને નિર્મળ કરે છે.*' રૂડી એટલે સારી. સ્વરૂપપ્રાપ્તિની બહુ સારી ભાવના હોય તો તે જ્ઞાનને નિર્મળ કરે છે. અને '*મતિની મલિનતાને ગાળે છે,..*' મતિમાં જે મલિનતા અનાદિની છે, મતિ વિપર્યાસ છે એને ગાળે છે.

મુમુક્ષુ :– મતિ એટલે બુદ્ધિ કે જ્ઞાન?

પૂજ્ય ભાઈશ્રી :– હા, બુદ્ધિ. '*વક્રતાને મટાડે છે.*' એટલે અસરળતાને મટાડે છે. એટલે બે કામ થયા, એક મતિ નિર્મળ થાય છે અને જ્ઞાન નિર્મળ થાય છે અને '*પરિણામે પરમાત્મા સધાય છે,..*' સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાથી પરિણામે છેવટે તો પરમાત્મા સધાય છે. ભાવનામાં આવો ભાવ રહ્યો છે. એવો વિવેક ઉગે છે ત્યારે? આવો વિવેક ઉગે છે '*ત્યારે દ્રવ્ય શ્રુતનું સમ્યક્ અવગાહન થાય છે.*' દ્રવ્યશ્રુત એટલે જ્ઞાનીપુરુષોની વાણી અથવા શાસ્ત્રો, તેની સાચી સમજ આવે છે. સમ્યક્ અવગાહન થાય એટલે યથાર્થ સમજ આવે છે. નહિતર શાસ્ત્ર વાંચે (ત્યાં) શાસ્ત્ર કહે કંઈક અને આ સમજે કંઈક – એવું મતિદોષને લઈને થાય, એવો મતિદોષ ભાવનાને લઈને નથી રહેતો. યથાર્થ સમજે છે. શાસ્ત્રને / દ્રવ્યશ્રુતને યથાર્થ સમજે છે.

મુમુક્ષુ :– માત્ર ભાવનામાં આવવાથી પણ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ સારી ભાવના, ઉપર-ઉપરની નહિ પણ અંતરની ભાવના હોવી જોઈએ તો..!

મુમુક્ષુ :- મિથ્યાત્વમાં છે પણ અંતરની ભાવના હોવાને લીધે...

પૂજ્ય ભાઈશ્રી :- હા,જુઓ! પાયાનું કામ બધું મિથ્યાત્વમાં જ થાય છે. પછી એનું ફળ સમ્યક્ આવે છે. સમ્યક્દશા તો કોઈ એક કારણનું કાર્ય છે કે નહિ? તો સમ્યક્દશા થયા પહેલા એ બધા કારણો તો મિથ્યાત્વના જ થાય છે. કે ક્યાં થાય છે? એટલે આમ તો સંસારી તમામ જીવો મિથ્યાદષ્ટિ છે પણ એક મુમુક્ષુનો વર્ગ જુદો છે તેમાં. મુમુક્ષુ તે છે કે જે મિથ્યાત્વને ગાળતો જાય છે. શું કરતો જાય છે? મિથ્યાત્વને ગાળવાનો process એનું નામ મુમુક્ષુદશા! મંદિર આવે અને પગે લાગે અને ફાળામાં ફંડ નોંધાવે એટલે મુમુક્ષુદશા નહિ. એ એનો process છે. એટલે એ મિથ્યાદષ્ટિ તો છે જ અને જગતના બીજા બધા જીવો પણ મિથ્યાદષ્ટિ તો છે જ પણ બીજા બધા મિથ્યાત્વને દઢ કરે છે અને આ મિથ્યાત્વને ગાળે છે. સૌથી મોટો દુશ્મન છે એ જીવનો એને મારવો છે. બળવાન દુશ્મન છે (એ) માંદો પડ્યાં વિના મરે તેમ નથી. તંદુરસ્તી અને સાજો-સારો હોય તો જીવની અનંતી તાકાત છેને એ એકકોર પડી રહે છે. જીવમાં તાકાત કેટલી છે? અનંતી શક્તિ છેને તોપણ એ મિથ્યાત્વ પાસે હારે છે અને અનંતવાર હાર્યો છે અને અનંતકાળ સંસારમાં રખડ્યો અને દુઃખી થયો છે. એ મિથ્યાત્વને માંદો કોણ પાડે? કે મુમુક્ષુ માંદો પાડે! એવો માંદો પાડે, એવો માંદો પાડે, એવો માંદો પાડે કે મરણતોલ કરી નાખે, પછી મરી જાય. એમ છે. એટલે ત્યાં મિથ્યાત્વ છે એમ નહિ લેવાનું પણ મુમુક્ષુ છે એમ લેવાનું.

*'સર્વ શ્રુતનું કેન્દ્રસ્થાન સર્વોત્કૃષ્ટ એવું પરમપદ છે.'* બધા જ શાસ્ત્રોનું center point, કેન્દ્રસ્થાન એટલે center point. જ્ઞાનીઓ અને શાસ્ત્રકારો આ એક જગ્યાએ એક જ વાતને centralize કરે છે, કેન્દ્રિત કરી લે છે. સરવાળે કે તૂ તારા સ્વરૂપમાં આવ અને સ્વરૂપને સાધ. *'સર્વ શ્રુતનું કેન્દ્રસ્થાન સર્વોત્કૃષ્ટ એવું પરમપદ છે. તે નિજપદ છે.'* તે પરમપદ છે તે નિજપદ છે. *'એમાં અનંત ચૈતન્ય અમૃતરસ ભર્યો છે...'* એ પરમપદમાં શું ભર્યું છે? કેટલો? કે જેની હદ નહિ એટલો.

મુમુક્ષુ :- નિરંતર બહાર આવ્યા જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તેટલો બહાર આવે નહિ (પણ) અંદર એટલોને એટલો જ રહિ – intact જરાય ફેર પડે નહિ એમાં. એ પોતે અક્ષયપાત્ર આત્મા. અનંત પરમાનંદ ભોગવે અનંતકાળ સુધી તોપણ અંદર પરમાનંદ શક્તિ એવીને એવી. કેવી? નિગોદમાં અનંતકાળ પહેલા હતો એવીને એવી. કેવળજ્ઞાન અનંતકાળ સુધી થાય (તોપણ) અંદર સર્વજ્ઞશક્તિ એવીને એવી રહે – અક્ષયપાત્ર છે! એમ અનંત ચૈતન્યરસ ભર્યો છે. કેટલો? અનંત ચૈતન્યનો અમૃતરસ ભર્યો છે. તેનાં રસાસ્વાદરૂપ અનુભવને સ્વઆચરણ કહે છે. તેના રસાસ્વાદરૂપ જે અનુભવ છે એને સ્વઆચરણ કહે છે. તેને સ્વરૂપનો વિશ્રામ પણ કહે છે. કેમકે બધો થાક ત્યાં ઉતરી જાય છે. એને સ્વરૂપવિશ્રામ પણ કહે છે. અને એને સામ્યભાવરૂપ ધર્મ પણ કહેવામાં આવે છે. આ સામ્યભાવરૂપ ધર્મ છે.

મુમુક્ષુ :- સામ્યભાવ કહો સમતાભાવ કહો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમભાવ, સામ્યભાવ સમતાભાવ (બધી) એક જ વાત છે. અથવા રાગ-

દ્વેષરહિત ભાવ, વીતરાગભાવ અથવા જ્ઞાતાભાવ - બધું એકાર્થ છે. *'તે નિજકલ્યાણથી તૃપ્તિ થાય છે.'* એનાથી જીવને તૃપ્તિ થાય છે. તૃપ્ત–તૃપ્ત દશા રહે છે. *'તે સુખરૂપ છે...'* પોતે જ સુખસ્વરૂપ છે. *'અને અનંતસુખનું મૂળ છે પછી રંચપણ દુઃખ રહેતું નથી.'* પછી ક્યારેય થોડું પણ દુઃખ પડતું નથી. *'તે સર્વનું મૂળ ભાવનામાં છે...'* વાત ક્યાં લઈ પાછી ફરીને કે એ સર્વનું મૂળ ભાવનામાં છે.

કોઈપણ જીવ સાવ નવો–સવો હોય હો! પહેલો–વહેલો આવ્યો હોય, કોઈપણ કાળે ભાવનામાં પ્રવેશી શકે છે. આવી જાય છે એને વાર નથી લાગતી. જુઓ! આ પહેલું પગથિયું કેટલું સહેલું છે! સરળ, સુગમ. કોઈપણ જીવ કોઈપણ કાળે અને સાવ નવો હોય ત્યારે પણ આવી ભાવનામાં આવી શકે છે. પોતાને સુખી થવાની ભાવનામાં ક્યો જીવ ન આવે? અને ન આવે તો એને જીવ કહેવો કેમ? એને તો જડ જ કહેવો જોઈએ ને! એને જીવ કેમ કહેવાય? બાકી જીવ હોય એ તો સુખી થવા જ સર્જાયેલો છે. દુઃખી થવા નથી સર્જાયેલો.

મુમુક્ષુ :- સર્જાયેલો જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જીવ તો સુખી થવાને પાત્ર જ છે. કેમકે અનંત સુખનું ધામ પોતે છે. ભલે નવું સર્જન નથી થયું પણ જે સર્જન છે, એટલે કે constitution - બંધારણ છે એ તો સુખધામરૂપ જ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સત્પુરુષની ગેરહાજરી હોય પણ ભાવના પ્રબળ હોય તો સત્પુરુષ પણ આવી જાય! એટલી ભાવનાની તાકાત છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, તાકાત છે. એ ભાવના ચૌદ બ્રહ્માંડને ડોલાવે. સત્પુરુષ તો શું વળી? કિસ ખેતકી મૂલી? એવી વાત છે. જુઓ! એના પણ પૂરાવા છે હો, ગપ્પા નથી આ. એના સબૂત છે બધા. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર જિનેન્દ્રદેવ, એનું સમવસરણ શું કરવા ફરે છે એક જગ્યાએથી બીજી જગ્યાએ એ મને કહો. એને તો કોઈ રાગ નથી. એના જ્ઞાનમાં તો છે કે ફલાણી જગ્યાએ પાત્ર જીવ છે. એટલો બધો દૂર છે કે અહીંયાં પહોંચી શકે એમ છે નહિ. શું? (તો) સમવસરણ ત્યાં જાય છે. વીતરાગનું સમવસરણ ત્યાં જાય છે. એની પાછળ આખુંય લશ્કર જાય, ઈન્દ્રોને, અસંખ્ય દેવોને બધું ટોળું એની પાછળ સડસડાટ કરતું જાય. એ (કોઈ) પાત્રતાવાળા અને ભાવનાવાળા હશે ત્યારે સમવસરણ જતું હશેને! નહિતર સમવસરણ શું કામ જાય? ત્યાં કાંઈ લેવાનું છે એને કાંઈ? તો વળી સત્પુરુષ તો કઈ ખેતની મૂળી? સર્વજ્ઞ જાય તો સત્પુરુષની ક્યાં વાત રહી?

મુમુક્ષુ :- (મુમુક્ષુ માટે) સત્પુરુષ અને સર્વજ્ઞમાં કાંઈ ફેર છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, (મુમુક્ષુ માટે) કાંઈ ફેર નથી. આ તો ફરક માનીએ તોપણ ભાવનાની આગળ કોઈની તાકાત જ નથી. સર્વજ્ઞની નથી પછી બીજા કોની હોય? ભાવનાની આગળ કોઈની તાકાત નથી. અને ભાવના કોઈપણ જીવ કરી શકે છે સાવ નવો પ્રવેશેલો હોય તે સીધો જ તે. પહેલે જ ધડાકે બ્રહ્માંડને ડોલાવી નાખે! આવી સરસ વસ્તુ છે.

મુમુક્ષુ :- બહુ સરળ માર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા!

મુમુક્ષુ :- ભક્તિવશ ભગવાન હોતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- અન્યમતિમાં તો એ બહુ જ પ્રસિદ્ધ છે. ભક્તોને વશ ભગવાન એ તો અન્યમતિમાં બહુ જ પ્રસિદ્ધ વાત છે.

મુમુક્ષુ :- ભાવના એ જ ભક્તિ છે. એ જ ભક્તિ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા! ભાવનામાંથી બધું ઊભું થાય છેને! સર્વનું મૂળ ભાવના છે લીધુંને? *'કોઈપણ જીવ કોઈપણ કાળે તે ભાવનામાં આવી શકે છે. ભાવનાનું મહત્ત્વ સમજાય તો સ્વ-પરની ભાવના વિરુદ્ધતા ન થાય.'* ન તો સ્વયંની ભાવનાથી વિરુદ્ધ જાય, ન તો કોઈ બીજાની ભાવના વિરુદ્ધ જાય. એનું સ્વરૂપ સમજાય તો. એટલે ઘણીવાર શું કહે છે કે મારી ભાવના છે ને એટલે મેં આમ કર્યું, હું બીજાનું કાંઈ ન સમજું, મારે મારી ભાવના છેને એટલે આમ કરવું છે.

મુમુક્ષુ :- ત્યાં એને પ્રયોજનની પક્કડ ન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોજનની પક્કડ હોય પણ એમાં વિવેક હોય છે. ભાવનાવાળાને વિવેક હોય છે. વિવેક ન હોય તો એમાં ભાવના કેટલી છે અને રાગ કેટલો છે એ પાછું વિચારવું પડે. કેમકે રાગની સાથે જ્ઞાન બિડાય છે. જ્ઞાન બિડાય છે. રાગથી જ્ઞાન બિડાય છે. અને ભાવનાથી જ્ઞાન ઉઘડે છે.

મુમુક્ષુ :- ફરીથી કહો, બિડાય કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- બિડાય છે એટલે મૂંઢાય છે. આવરણ આવે છે. અથવા વિવેક ખોવે છે. રાગ છે તે વિવેક ખોવે છે. એટલે એનું જ્ઞાન ત્યાં બિડાય ગયુંને? બિડાણું એટલે શું થયું? એક (જેમ) ખીલે છેને! એ ખીલવાની વિરુદ્ધતા એનું નામ બિડાવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કમળનું ફૂલ ખીલે અને બિડાય છેને!

પૂજ્ય ભાઈશ્રી :- એ સાંજે બિડાય જાય. હિન્દીમાં કાંઈ શબ્દ એનો નથી મળતો બિડાવાનો.

મુમુક્ષુ :- મુરઝાના.

પૂજ્ય ભાઈશ્રી :- મુરઝાવું કંઈક અંશે લાગુ પડે છે. બીજાની ભાવનાની અનુમોદના કરવી એ ભાવનાવાળાની વિશેષતા છે. ભાવનાની એ વિશેષતા છે. એમ છે. અને બીજાની ભાવનાની વિરુદ્ધતા થવી એ ભાવનાની ખામી છે. એમાં રાગની પ્રધાનતા કામ કરે છે, ભાવનાની પ્રધાનતા કામ નથી કરતી. એવું છે. કેમકે આ માર્ગ એવો છેને! સમ્યક્‌માર્ગ છે. એના ચારેય પડખા ચોખ્ખા છે. નહિતર તો જગતમાં એક ગુણ લેવા જાયને ત્યાં બીજો અવગુણ પેસી જાય. એવી બધી system છે. એક ગુણ પ્રગટ કરવા જાયને ત્યાં બકરુ કાઢતા ઊંટ ગરી જાય! અને એને ખબર પણ ન હોય. એને એમ થાય કે મેં બકરુ કાઢ્યું પણ ઊંટ ગરી ગયું એ ખબર નથી. (એવું થાય.) આ તમારા દાદા છેને, દાદા જે ગુજરી ગયા તે (એમ કહેતા કે,) અમે નિઃસ્વાર્થભાવે દાન દઈએ છીએ, પ્રવૃત્તિ કરતાને? અને એ

પણ ગરીબગુરબાને ગોતી–ગોતીને, જરૂરિયાતવાળાને એના ઘરે જઈને સામે ચાલીને, એ અમારે ત્યાં માંગવા આવે એમ નહિ કેમકે સારા માણસો માંગી ન શકે, કષ્ટ ભોગવી લ્યે પણ યાચના ન કરે એટલે ગોતીને આપે કે ભાઈ! આ જરૂરિયાતવાળા છે. ના! ના! કરે તોપણ પરાણે આપી આવે.

મુમુક્ષુ :– ઘરે જઈ ઓશિકા નીચે મૂકી આવે.

પૂજ્ય ભાઈશ્રી :– હા,મૂકીને આવતા રહે. પૈસાનું કવર મૂકીને આવતા રહે. એ પ્રવૃત્તિ આખી જિંદગી ઘણાં વર્ષો એ પ્રવૃત્તિ કરી. એ પ્રવૃત્તિ એવી કરતા એટલે એવી પ્રવૃત્તિને અનુમોદન કરનારા એમના સંબંધીઓ એને આપી આવે. અમારા વતી પણ કરતા આવજો. અને બહુ સારા પાયા ઉપર એ કામ કરતા હતા. એક (થેલી) રાખે જે આવે એ એમાં નાખી દ્યે. કોણે કેટલા નાખ્યા એ જોવે નહિ. હવે એક વખત એને મળવાનું થયું તો મને કહે આમાં અમે ખોટું શું કરીએ છીએ એ કહો. અને શું આ ધર્મ નથી? આ સારો ધર્મ નથી? આમાં ક્યું પડખું દુષિત છે? વાત તો ત્યાં આવીને ઊભી રહી. કે આમાં કોઈ પડખે દોષ લાગે છે અમને? (પછી કહ્યું) કે, આવું સરસ કામ હું કરું છું એવો અહમ્‌ભાવ જાણ્યે–અજાણ્યે થાય છે? તો કહે થોડો–ઘણો થાય ખરો! તો કીધું આ બકરું કાઢતા ઊંટડું ગરી ગયું. કેમકે પર્યાયદૃષ્ટિ જીવ જે પર્યાયે પરિણમે એ પર્યાયનો અહમ્‌ભાવ કર્યા વિના રહેવાનો નથી. ત્યારે સત્પુરુષના–જ્ઞાનીપુરુષના માર્ગની યોજના એવી છે કે પહેલેથી જ એને પર્યાયબુદ્ધિ દૃઢ થવા ન દ્યે.

મુમુક્ષુ :– ન થવા દ્યે?

પૂજ્ય ભાઈશ્રી :– ન થવા દ્યે. ભલે પર્યાયદૃષ્ટિનો નાશ તો સમ્યક્‌દૃષ્ટિ/દ્રવ્યદૃષ્ટિ થશે ત્યારે થશે ચોથા ગુણસ્થાને પણ મુમુક્ષુતાના પ્રારંભથી લઈને શરૂઆતથી લઈને ઠેઠ સુધી એ પર્યાયબુદ્ધિને તોડતો જાય. દૃઢ તો ન થવા દે પણ એ તોડતો જાય. એવી યોજના છે એને જ્ઞાનીનો માર્ગ કહે છે. એ એવી જુદી જાતની વાત છે આ. આ લાઇન જ જુદી જાતની છે આખી. વાંચી જાય તો વાંચી જાય પણ આમાં નીકળે ઘણું. ખાલી વાંચી જાય એમાં એટલું ન નીકળે જેટલું સત્સંગમાં નીકળે એટલું તો ન નીકળે.

મુમુક્ષુ :– ભાઈશ્રી! આ તો સત્સંગમાં આટલી ચોખવટ થાય છે એટલે નહિતર મુમુક્ષુ–મુમુક્ષુના કામ કરે એમાં પણ આ જ ભૂલ થઈ જાય. સત્સંગમાં આટલી ચર્ચા થાય છે એટલે બચી જવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, થઈ જ જાય. નહિતર થયા વિના રહે જ નહિ. આધાર શું છે એને? એમ નહિ થવામાં એની પાસે શું સાધન છે? મેં પૂછ્યું હતું એ કે એવો અહમ્‌ભાવ ન થાય એના માટે તમારી પાસે શું સાધન છે? હવે એ વિચાર જ ન આવતો હોય તો સાધનની તો ક્યાં વાત રહી? કે આ ઊંટડું ગરી ગયું એ ખબર જ ન પડતી હોય ત્યાં કાઢવાનો વિચાર આવે ક્યાંથી એને?

મુમુક્ષુ :– મીઠાશ લાગતી હોય એની.

પૂજ્ય ભાઈશ્રી :– અરે! મીઠાશ એવી ઘૂંટાય, એવી ઘૂંટાય!!

મુમુક્ષુ :– પરની (બીજાની) ભાવનાનું અનુમોદન થાય એમાં શું કહેવા માંગો છો?

પૂજ્ય ભાઈશ્રી :- અનુમોદન થાય એટલે પોતે ભાવનાવાળો હોય તે બીજાની ભાવનાને સમજીને એને અનુમોદે છે. જેમકે આપણે ત્યાં શું છે? કે ગુરુદેવશ્રી પાછળ તો ઘણાં લોકો થતા હતા અને ઘણીવાર તો જગ્યાની મારામારી થતી હતી. બધાને આગળ જવું હોય. યાત્રા હોય, બીજું હોય, બીજા કોઈ પ્રસંગો હોય, પ્રતિષ્ઠાના પ્રસંગ હોય જ્યાં gathering બહુ મોટું થઈ જતું હોય ત્યાં ભાવનાવાળો હોય તે બીજાની ભાવના જોવેને તો કહે 'પહેલે આપ' એમ કરે. આપણે જ ત્યાં લ્યોને! કોઈ નવો માણસ આવે તો શું કરીએ છીએ આપણે? ગુરુદેવના આહારદાનનો પ્રસંગ હોય અને કોઈ નવો માણસ આવી ગયો અને એવો માણસ આવી ગયો કે ભાઈ! આ માણસ જો આ બાજુ વળે તો એની પાછળ ઘણાં વળે, અથવા બહુ મોટી વાત ગણાય તો શું કરે છે માણસ? એને પોતાનું જતું કરીને આગળ કરે કે ન કરે? એમ throughout એવું હોવું જોઈએ એ તો આપણે એક દાખલો લીધો.

મુમુક્ષુ :- પ્રાસંગિક વાત થઈ જાય.


પૂજ્ય ભાઈશ્રી :- એ આપણે પ્રાસંગિક લીધી પણ throughout એમ જ હોવું જોઈએ. તો ભાવના બરાબર છે. એમ ભાવના જેવી સુંદર ચીજ કોઈ નથી. ભાવના જેવી સુંદર ચીજ કોઈ નથી કેમકે જ્ઞાનને નિર્મળ કરે છે. સીધું પહેલું કામ શું કરે છે? એનું સીધું repercussion જ્ઞાન-બુદ્ધિ ઉપર આવે છે. જ્ઞાનને નિર્મળ કરે અને સરળ કરી નાખે. જ્ઞાન જ્યાં સરળ થાય, મતિ સરળ થાય એને કોઈ દિવસ તિર્યંચગતિ ન આવે. કેમકે તિર્યંચગતિ તો આડા પરિણામનું ફળ છે. એ તિર્યંચગતિમાં આવે નહિ. સરળ પરિણામી જીવ મનુષ્ય મટીને મનુષ્ય થાય. મનુષ્ય મટીને મનુષ્ય થાય એટલે દેવગતિ કરતા પણ વધારે કિંમતી વસ્તુ થઈ ગઈ એની માટે.

*

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૩મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

આત્માનુભવ સંપન્ન પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૩મી જન્મ જયંતી 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર', ભાવનગર ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, જેતપુર, બરોડા, સોનગઢ ઈત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો. તા. ૨૭-૧૧-૨૦૨૫ ના રોજ જિનમંદિરથી એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે ગામના પ્રસિદ્ધ વિસ્તારોમાંથી પસાર થઈ જિનમંદિરજીમાં સમાપ્ત થઈ.

તા. ૨૮-૧૧-૨૦૨૫ ના જન્મ જયંતી દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા, ભક્તિ તથા 'અધ્યાત્મપિપાસા' ભાગ-૬ નું વિમોચન આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક ભાગ લીધેલ.



## કુંદકુંદઆચાર્યદેવની અમૃતવાણી !!

જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠગુણોથી અલંકૃત છે.૯ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૭)

*

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – એ પાંચે પરમેષ્ઠીઓ આ આત્માના જ પરિણામ છે. તેથી આત્મા જ મને શરણ છે.૧૩ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, બાર-અનુપ્રેક્ષા, ગાથા-૧૨)

*

જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે, અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે.૪૭ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, સમયસાર, ગાથા-૩૨૦)

*

આ (ઔદયિકાદિ) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલાં સર્વજીવો સિદ્ધસ્વભાવી છે.૮૮

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૯)

*

કર્મના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું.૯૪ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, સમયસાર, ગાથા-૧૯૮)

*

જેમ લોકાગ્રે સિદ્ધભગવંતો અશરીરી, અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે. તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવા.૧૦૧

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૮)

*

નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ – એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈ – એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. જબતક અજ્ઞાન અવસ્થા રહતી હૈ, તબતક તો બંધપર્યાયિકો આત્મા જાનતા હૈ કિ – મૈં મનુષ્ય હૂં, મૈં પશુ હૂં, મૈં ક્રોધી હૂં, મૈં માની હૂં, મૈં માયાવી હૂં, મૈં પુણ્યવાન-ધનવાન હૂં, મૈં નિર્ધન-દરિદ્રી હૂં, મૈં રાજા હૂં, મૈં રંક હૂં, મૈં મુનિ હૂં, મૈં શ્રાવક હૂં, ઈત્યાદિ પર્યાયોમેં આપ માનતા હૈ; ઈન પર્યાયોમેં લીન હોતા હૈ તબ મિથ્યાદૃષ્ટિ હૈ,

અજ્ઞાની હૈ, ઈસકા ફલ સંસાર હૈ ઉસકો ભોગતા હૈ.૧૦૫ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, મોક્ષપાહુડ, ગાથા–૮૩)

*

જે જીવો પર્યાયોમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યાં છે; જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવાં.૧૩૦ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, પ્રવચનસાર, ગાથા–૯૪)

*

પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.૧૫૩ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, પ્રવચનસાર, ગાથા–૭૭)

*

પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ (–પ્રગટ) જાનો, ઈસલિયે હે ભવ્ય જીવો! તુમ ઈસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો ઔર અન્ય જો પરદ્રવ્ય ઉનસે વિરતિ કરો.૧૬૪ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, મોક્ષપાહુડ, ગાથા–૧૬)

*

જૈસે પરદ્રવ્યમેં રાગકો કર્મબંધકા કારણ પહિલે કહા વૈસે હી રાગભાવ યદિ મોક્ષકે નિમિત્ત ભી હો તો આસ્રવકા હી કારણ હૈ, કર્મકા બંધ હી કરતા હૈ. ઈસ કારણસે જો મોક્ષકો પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર વૈસે હી રાગભાવ કરતા હૈ તો વહ જીવ મુનિ ભી અજ્ઞાની હૈ, ક્યોંકિ વહ આત્મસ્વભાવસે વિપરીત હૈ, ઉસને આત્મસ્વભાવકો નહીં જાના હૈ.૧૭૨ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, મોક્ષપાહુડ, ગાથા–૫૫)

*

જે નિજભાવને છોડતો નથી, કાંઈપણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે–દેખે છે, તે હું છું – એમ જ્ઞાની ચિંતવે છે.૧૯૩ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા–૯૭)

*

હે મુનિજનો! યદિ ચારગતિરૂપ સંસારસે છૂટકર શીઘ્ર શાશ્વત સુખરૂપ મોક્ષ તુમ ચાહો તો ભાવસે શુદ્ધ જૈસે હો વૈસે અતિશય વિશુદ્ધ નિર્મલ આત્માકો ભાવો.૨૧૫

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, ભાવપાહુડ, ગાથા–૬૦)

*

આ જિન–વચનરૂપી ઔષધ વિષયસુખનું વિરેચન કરનારું છે, ભવ્ય જીવોને અમૃત સમાન છે, જિનવચનના સેવનથી ભવ્ય જીવ અમર બને છે. માટે આ જિન–વચનરૂપી ઔષધ જરા–મરણનું નાશક છે. દીર્ઘ કાળ સુધી રહેવાવાળા રોગ અને અકસ્માત ઉત્પન્ન થવાવાળી વ્યાધિને જિન–વચન તત્કાળ નષ્ટ કરે છે. સર્વ દુઃખોનો નાશ કરીને મુક્તિ–સુખ આપે છે. માટે હે મુનિ! આવા જિન–વચનરૂપી ઔષધનું તું સતત સેવન કર.૨૪૭ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, મૂલાચાર, અધિ.–૨, ગાથા–૯૧)

*

(શ્રી 'પરમાગમ-ચિંતામણિ'માંથી સાભાર ઉદ્ધૃત)



# પૂજ્ય બહેનશ્રીની મુનિભક્તિ

અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્યભગવાનને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે! પાંચેય પરમેષ્ઠીભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે! ત્રણે કાળના તીર્થંકરભગવંતોને સાથે-સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને જુદા યાદ કરીને – 'સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે. આવા ભક્તિના ભાવ મુનિને–સાધકને–આવ્યા વિના રહેતા નથી. ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમેરોમ ખડા થઈ જાય છે. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી શુદ્ધાત્માશ્રિત ઉગ્ર સમાધિરૂપ પરિણમન વર્ત્યા જ કરે છે અને શુભભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે. ૪૦૭

*


મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારેકોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે. આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્ભુત દશા છે! ૩૯૪

*

(શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત'માંથી સાભાર ઉદ્ધૃત)

## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ડિસેમ્બર-૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
**શ્રી પરમ હેમંતભાઈ શાહ, મુંબઈ**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને
આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# ‘માર્ગદર્શન’

–‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**પ્રશ્ન :– આ બધી વાત સાચી છે, પણ વિકલ્પ તૂટતો નથી?**

**ઉત્તર :– વિકલ્પથી શા માટે ડરો છો? તેને પણ તેની સત્તામાં રહેવા દો; અને તમે તમારી ત્રિકાળી સત્તામાં રહો. વિકલ્પને તોડવા-કરવા જશો તો તમારી ધ્રુવસત્તાનો** (શ્રદ્ધામાં) **નાશ થશે; તોપણ આ વિકલ્પો તો તૂટશે નહિ. ૪૯૧.**

*

**સ્વચ્છંદથી ડરો નહિ!** (સ્વરૂપના અભાનમાં) **અત્યાર સુધી સ્વચ્છંદ જ ચાલતો આવ્યો છે. હવે તો ‘સહજ સ્વચ્છંદ** (સ્વમાં પ્રવૃત્તિરૂપ) **દશા’ પ્રગટ કરો! વિવેક આપોઆપ આવી જશે.૪૯૫.**

*

**શાસ્ત્ર અહીંથી** (આત્મામાંથી) **નીકળે છે તેથી અહીંથી નીકળેલી બધી વાતો શાસ્ત્રથી મળી આવે છે. શાસ્ત્ર જોઈને અહીંનું મેળવવું નથી, પરંતુ અહીંથી નીકળેલી વાત શાસ્ત્રથી મેળવી લેવી.** (શાસ્ત્ર જોઈને સ્વયંની સમજને મેળવવાની પદ્ધતિ ઉચિત નથી કારણ કે એ પદ્ધતિથી સ્વયંના અભિપ્રાય અનુસાર શાસ્ત્રવાંચનનું અર્થઘટન (સમજ) થવાની સંભાવના છે; અને એમાં જે ભૂલ રહી હોય તો તે શાસ્ત્રધારણાથી વધારે દૃઢ થઈ જાય છે; સાથે જ આવી પદ્ધતિથી જ્ઞાનીના વચન પણ શાસ્ત્ર આધારથી સ્વીકાર કરવાનો અભિપ્રાય રહી જાય છે જેથી પ્રત્યક્ષ સત્પુરુષના વચન પર પ્રીતિ/ભક્તિ / વિશ્વાસ નથી રહેતો. અતઃ સમજેલી વાતને, અનુભવ-પદ્ધતિથી સમજવી જોઈએ; અને પછી અનુભવને શાસ્ત્રથી મેળવવો - તે જ સાચી પદ્ધતિ છે; અર્થાત્ ઉપાદાનની મુખ્યતાવાળી પદ્ધતિ જ સાચી પદ્ધતિ છે.) **૫૦૨.**

*


**નિર્વિકલ્પતા ઉપર વજન ન દેવું** (પર્યાય ઉપર વજન ન દેવું) **– તે મારાથી** (ધ્રુવપદથી) **થોડી મોટી છે? ૫૦૩.**

*

**પ્રશ્ન :– ‘ગુરુદેવશ્રી’ની વાત પણ સારી લાગે છે અને બહારની અનુકૂળતા પણ સારી લાગે છે; પરંતુ ‘ગુરુદેવશ્રી’ ફરમાવે છે કે ‘એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી’?**


**ઉત્તર :– એક શુભ છે, એક અશુભ છે. બન્ને જગ્યાએથી હઠીને ત્રીજી** (શુભાશુભ રહિત) **જગ્યાએ આવી જાઓ. ૫૧૭.**

*



## એક સમર્થ આચાર્ય–શ્રી કુંદકુંદાચાર્યદેવ!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



સમયસાર જેવી રચના જે કુંદકુંદઆચાર્યે કરી એ રચના ઉપરથી એમની મહાનતાના દર્શન થાય છે, એમની સ્વભાવદષ્ટિના દર્શન થાય છે. અને સ્વભાવદષ્ટિ હતી એટલું જ નહિ પણ સ્વભાવદષ્ટિની અભિવ્યક્તિ એમણે શબ્દોમાં – ગ્રંથમાં ઉતારી. **fantastic** કામ કર્યું છે. બહુ સામર્થ્ય હતું ત્યારે એવું લખ્યું છે. એમના સામર્થ્યને જોઈને એમની મહાનતાને જોઈ છે લોકોએ.

એક સમર્થ આચાર્ય થયા, દિગંબર આચાર્યોની પરંપરામાં કુંદકુંદઆચાર્ય બહુ સમર્થ આચાર્ય થયા, એ એમની રચના ઉપરથી ખબર પડી. આજે પણ, સેંકડો હજારો વર્ષ પછી પણ... કે જેમના વચનોને આધારભૂત –**authentic** ગણી શકાય. એમ! કુંદકુંદઆચાર્યનું વચન છે? (તો તો) વાત પૂરી થઈ જાય છે.. ખલાસ! એવા **authentic** વક્તા છે એ. ગુરુદેવ તો સમયસાર ઉપર આફરીન થઈ જતા, કુંદકુંદઆચાર્યની જે સ્વભાવ દેખાડવાની શૈલી, સ્વભાવદષ્ટિની અભિવ્યક્તિ જબરજસ્ત છે!! ('શ્રીમદ્ રાજચંદ્ર' પરના પ્રવચન નં ૬૬૯)


*

દક્ષિણ ભારતમાં ઠેઠ મદ્રાસની નીચે આજથી ૨૦૦૦ વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય વિચરતા હતા. જેમની આત્મસ્થિરતા બહુ હતી. કેવી? બહુ જ આત્મસ્થિરતા હતી. છતાંય તે ઉપયોગ બહાર જતો હતો ત્યારે સમયસાર જેવા મહાન શાસ્ત્રોની રચના થઈ જતી હતી. એ એમનો વચનયોગ, સમયસાર આદિ શાસ્ત્રો, સૂત્રો લખ્યા એ એમનો વચનયોગ!! બહુ સમર્થ પુરુષ! તો ૨૦૦૦ વર્ષે ગુરુદેવ થયા... જુઓ! કેવો ચમત્કાર થયો. ગુરુદેવ એમ કહેતા કે સમયસાર તો એમણે મારા માટે લખેલું. ૨૦૦૦ વર્ષ પહેલા સમયસાર એમણે શું કરવા લખ્યું હતું? કે મારું આત્મકલ્યાણ થવાનું હતું એટલે એમણે લખ્યું. નહિતર એવા આત્મની સ્થિરતાવાળા મહાત્માને બહાર નીકળવું ગમે શેનું? એ શું કરવા બહાર નીકળે જંગલમાં રહેતા હોય એ, પણ મારા જેવો કોઈ થવાનો હશેને (એટલે) એમણે મારા માટે લખ્યું. અને એમણે લખ્યું તો કેટલાને એ સમયસારનો પ્રભાવ જુઓ અત્યારે!! કંઈક જીવો સંસ્કાર લઈ ગયા હશે, કંઈક પામ્યા હશે, કોને ખબર છે કેવા–કેવા આત્માર્થી જીવો આવ્યા હશે!! એવું બને છે. એ એક સંકેત છે કે આવા આ કાળમાં આવો જન્મ થાય તો એમાં પણ કંઈક (સંકેત હોય છે.) નહિતર આવા દુષમકાળમાં આવા (જીવો) ક્યાંથી હોય? એમ કહે છે. ('શ્રીમદ્ રાજચંદ્ર' પરના પ્રવચન નં ૬૮૪)

*

## ‘‘મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી
## મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં’’

**બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;**
**તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.**






હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

– શ્રીમદ્ રાજચંદ્ર
(આભ્યંતર પરિણામ અવલોકન-હાથનોંધ ૨, પૃષ્ઠ ૪૫)



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણકે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે, તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, ‘આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું.’ – એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું. મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારોવાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.




સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા-સિદ્ધદશા-પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

– પૂજ્ય ગુરુદેવશ્રી
(પરમાગમસાર બોલ નં-૧)

*

આ શાસ્ત્ર તો પરમાર્થસ્વરૂપ છે ને વૈરાગ્યોત્પાદક છે. સમયસાર શાસ્ત્ર છે તે પરમ પ્રભુ પરમાત્માને બતાવનારું ને પર તરફથી ઉદાસીન કરનારું છે. પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત એવું જે પરમાર્થસ્વરૂપ તેને બતાવનારું ને વિકલ્પથી ઉદાસીન કરનારું વૈરાગ્યપ્રેરક આ સમયસાર શાસ્ત્ર છે.

(પરમાગમસાર બોલ નં-૧૯)

***REGISTERED NO. : BVHO - 261 / 2024-2026***
***RENEWED UPTO : 31/12/2026***
***R.N.I. NO. : 69847/98***
*Title Code : GUJGUJ07425*
***Published : 10th of Every month at BHAV.***
***Posted at 10th of Every month at BHAV. RMS***
***Total Page : 20***

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1210**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041